# ડીસામાં શંકાસ્પદ ડેન્ગ્યુથી બાળકીનું મોત

## જિલ્લામાં ઠેર-ઠેર ડેન્ગ્યુના પોઝિટીવ કેસો

ડીસા, તા. ૨૧

ડીસામાં એક નવ વર્ષની બાળકી શંકાસ્પદ ડેન્ગ્યુથી મોતને ભેટેલ છે. ડીસા શહેર સહિત જિલ્લામાં વરસાદના વિરામ બાદ ઠેર ઠેર ગંદકી અને કચરાના ઢગ ઠલવાતા મચ્છરોનો ઉપદ્રવ વધવા લાગ્યો છે તો જેને લઈને ઝેરી મેલેરીયા, ટાઈફોઈડ, વાયરલફીવર જેવા રોગોએ દેખાડો દીધો છે તો મચ્છરજન્ય રોગોનો પણ ઉપદ્રવ વધતા ડેન્ગ્યુ જેવા રોગે દેખાડો દેતા સમગ્ર શહેર સહિત જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે ત્યારે અત્યાર સુધીમાં ડેન્ગ્યુની બિમારીથી અંદાજીત ૩ જેટલા વ્યક્તિઓના મોત નિપજવા પામ્યા છે અને કેટલાય લોકો શંકાસ્પદ ડેન્ગ્યુની બિમારીમાં સપડાઈ જવા પામ્યા છે અને સારવાર લઈ રહ્યા છે.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો ડેન્ગ્યુની બિમારી શહેર સહિત જિલ્લામાં વધવા પામી છે ત્યારે આ અંગે આરોગ્ય તંત્ર કાંઈ બન્યું નથી તેમ સબ સલામત હૈ નું રટણ કરી રહ્યું છે તો બીજી તરફ શહેરમાં ચર્ચાસ્પદ બન્યું છે તો સાથે સાથે ડીસા નગરપાલિકા તંત્ર પણ ઘોર નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યુ છે. શહેરમાં મચ્છરનો ઉપદ્રવ જૈસે થૈ ની સ્થિતિમાં છે ત્યારે ડીસાના રાજપુર લોઢ વાસ વિસ્તારમાં રહેતા શ્રમજીવી વાસુદેવભાઈ લોધાની ધોરણ-૪માં ભણતી અરૂણાબેન લોધા ઉંમર નવ વર્ષને તાવ આવતા પ્રથમ ડીસાની ખાનગી બાળરોગ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી. જો કે ત્રણ દિવસ બાદ તેની તબિયત વધુ લથડતા આ બાળકીને પાટણની લાઈફ કેર હોસ્પિટલમાં ખસેડાઈ હતી જ્યાં બાળકીનો રીપોર્ટ શંકાસ્પદ ડેન્ગ્યું આવ્યો હતો અને મોડીરાત્રે તેનું શંકાસ્પદ ડેન્ગ્યુંના કારણે મોત થતા હાહાકાર મચેલ છે. આ વિસ્તારના લોકો અનેકો વખત પાલિકા અને સ્થાનિક આરોગ્ય અધિકારીને કથળેલી આરોગ્યલક્ષી સેવા સુધારવા લેખિત અને મૌખિક રજૂઆત કરી ચુક્યા છે જેનું પરિણામ શુન્ય આવતા મચ્છર જન્ય અને પાણી જન્ય રોગોના ભરડામાં અનેકો સપડાઈ બીમાર પડેલ છે જેમાં શંકાસ્પદ ડેન્ગ્યુમાં સપડાયેલી માસુમ બાળકી મોતને ભેટતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



ડીસા શહેર સહિત જિલ્લામાં વરસાદના વિરામ બાદ ઉઘાડ નીકળતા વાયરલ ફીવર, મેલેરીયા, ટાઈફોઈડ જેવા રોગોએ દેખાવો દેતા શહેરના દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ જવા પામ્યા છે તો બીજી તરફ વરસાદના વિરામ બાદ મચ્છરોનો ઉપદ્રવ વધવાના પગલે ડેન્ગ્યુ તેમજ ઝેરી મેલેરીયાએ દેખાવો દેતા ડીસા સહીત સમગ્ર જિલ્લાવાસીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. સાંધાના દુ:ખાવા, તાવ, શરીરમાંથી લોહી ઘટી જવું જેવા લક્ષણો જોવા મળતા દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ જવા પામ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં ડેન્ગ્યુની બિમારી થયાથી અંદાજીત ૩ થી ૪ વ્યક્તિઓના મોત નિપજવા પામ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં ડેન્ગ્યુની બિમારી થયાથી અંદાજીત ૩ થી ૪ વ્યક્તિઓના મોત નિપજવા પામ્યા છે તો વળી, થરાદના રાહ ગામે ૨૦ દર્દીઓ ડેન્ગ્યુમાં સપડાયા છે. આ ટીમમાં ગાંધીનગર કમિશ્નર કચેરીથી ખાસ આવેલ કીટ શાસ્ત્ર નિષ્ણાત અધિકારી નરેન્દ્ર પટેલ, સ્થાનિક તાલુકા હેલ્થ અધિકારી ડૉ. જયપાલ અને અનેક ટીમો પણ જોડાઈ હતી. જેમને પોરાનાશક કામગીરી કરી ફોગીંગ મશીન અને દવા દ્વારા ખાસ આરોગ્યલક્ષી સર્વે હાથ ધર્યો હતો ત્યારે ડીસામાં પણ ડેન્ગ્યુથી બાળકીનું મોત થતા આ રોગ જિલ્લાભરમાં ભય ફેલાવી રહ્યો છે. ત્યારે આ અંગે બનાસકાંઠા જિલ્લા આરોગ્ય તંત્ર બિલકુલ અજાણ છે તે રીતે વર્તન કરી રહ્યું છે અને જિલ્લામાં સબસલામત હૈ નું જણાવી રહ્યા છે. તો વળી આ બાબતે આરોગ્ય વિભાગના અર્બન હેલ્થના મેલેરિયા સુપરવાઈઝરે દોસનો ટોપલો પાલિકા પર ઢોળેલ છે ત્યારે ડીસામાં લોધાવાસમાં શંકાસ્પદ ડેન્ગ્યુથી થયેલીનું કરૂણ મોતનો મામલો બહાર આવતા અહીના સ્થાનિક લોકોમાં ડેન્ગ્યુનવો ફફડાટ વ્યાપેલ છે.




(તસવીર : મગનજી વણઝારા)

## ગરીબ પરીવાર સાથે સંવેદનાનો સેતુ બાંધવાનું કામ રાજય સરકારે કર્યુ છે: -દિપસિંહ જાડેજા

રાજય સરકાર ધ્વારા લાભોલક્ષિત વ્યકિતઓને યોજનાકીય સહાય સમયસર અને સ-માણ પંહોચાડવાના હેતુ આરંભાયેલા ગરીબ કલ્યાણ મેળાના છઠ્ઠા તબકકાનો ગરીબ કલ્યાણ મેળો સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેના -ંતકક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં હિંમતનગર અને ભિલોડા તાલુકાના ૨૦૨૦ લાભાર્થીઓને રૂ. ૩૦૦.૧૫ લાખની સહાયનું વિતરણ રાજય કાયદા અને જિલ્લા -ભારી મંત્રી -દિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને કરાયુ હતું.

યોજનાકીય સહાયને હાથો હાથ પંહોચાડવા આરંભાયેલા ગરીબ કલ્યાણ મેળાના નવતર અભિગમ વિષે વાત કરતા -ભારી મંત્રી -દિપસિંહ જાડેજાએ જણાવ્યુ હતુ કે, સરકારના વિવિધ ખાતાઓ મારફતે જુદી જુદી કલ્યાણકારી યોજનાઓનો અસરકાર અમલવારી કરી લક્ષિત વ્યકિતઓને લાભ પંહોચાડીને રાજય સરકારે ગરીબ પરીવાર સાથે સંવેદનાનો સેતુ બાંધવાનું કામ કર્યુ છે. અગાઉ પાંચ તબક્કામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં સહાયથી કોઇ ગરીબ વંચિત ન રહી જાય તે માટે સમગ્ર વહિવટીતંત્ર ગરીબોના ઘર સુધી પંહોચીને લાભ આપવાનો -યાસ કર્યો છે. આ ગરીબ કલ્યાણ મેળાનો અભિગમ સમજાવતા જણાવ્યુ હતુ કે, સરકારની તિજોરી જમા થતા નાંણા ઉપર સૌ -થમ અધિકાર ગરીબોનો છે. જે તેમની કલ્યાણ અર્થે ખર્ચવામાં આવે છે. જયારે આજે હિંમતનગર તાલુકાના ૧૧૬૮ લાભાર્થીઓને ૧૫૧.૩૦ લાખ અને ભિલોડા તાલુકાના ૮૫૨ લાભાર્થીઓને રૂ. ૧૪૭.૮૫ લાખની સહાય મળી આ -ંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૨૦૨૦ લાભાર્થીઓને રૂ. ૩૦૦.૧૫ લાખની સહાયનુ હાથો હાથ વિતરણ કરી લાભાન્વિત કરાયા છે.


આ ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત રાજય હાઉસીગ બોર્ડના ચેરમેન જયંતિભાઇ બારોટે -સંગોચિત ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે, રાજયમાં સાચા ગરીબ સહાયથી વંચિત ન રહી જાય અને લાભ મળી રહે તેવી સુદ્રઢ વ્યવસ્થા રાજય સરકાર ધ્વારા ઉભી કરવામાં આવી છે.

રાજય અનુસૂચિત આર્થિક વિકાસ નિગમના ચેરમેન ઝવેરભાઇ ચાવડાએ ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને સંબોધતા જણાવ્યુ હતુ કે, સમાજના અન્ય પછાત વર્ગો પણ યોજનાકીય સહાયથી વંચિત ન રહી જાય તે માટે સમગ્ર તંત્રને -જાકીય કલ્યાણના આ યજ્ઞમાં જોડવામાં આવ્યા છે. નિગમ ધ્વારા સમાજના પછાત વર્ગોને આપવામાં આવેલ લાભોની વાત કરતા જણાવ્યુ હતુ કે, છેલ્લા બે વર્ષમાં રૂ. ૮૮ કરોડનુ ધિરાણ કરવામાં આવ્યુ છે.

## સરસ્વતી મિત્ર મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવ સમિતિની રચના કરાઈ

સેક્ટર-૬-બીમાં આવેલ સરસ્વતી મિત્ર મંડળની સામાન્ય સભા ચાલુ વર્ષના નવરાત્રી મહોત્સવના આયોજનના ભાગરૂપે નવરાત્રી મહોત્સવ સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિના પ્રમુખ પદે ભિમદેવસિંહ ગોહિલ, ઉપપ્રમુખ પદે રામભાઈ ચાંચા અને ભીખાભાઈ પ્રજાપતિ તેમજ મંત્રી પદે યોગેશભાઈ પટેલની નિયુક્તી કરાઈ હતી. તુષાર પટેલ અને મનહરસિંહ રાણાને સહમંત્રી તરીકે, હિતેષ પટેલને ખજાનચી તરીકે તેમજ હર્ષ આંબલિયા અને ભાવેશ ચૌધરીને સહખજાનચીની જવાબદારી સોંપાઈ હતી.

## શબ્દાવલી - ૫૧૮૩



### આડી ચાવી

૧. ઈશ્વર, અલ્લાહ (૪)
૫. કિષ્કીંધા નગરીના કપિરાજી વાલીના નાનાભાઈ (૩)
૭. સોહામણું, સુંદર (૫)
૧૦. વસ્ત્રો, ડ્રેસ મટીરીયલ્સ (૩)
૧૨. રોગનો ફેલાવો (૪)
૧૪. વેશ ભજવનાર કલાકાર (૨)
૧૫. મોકો, ચાન્સ (૨)
૧૭. રિવાજ, પદ્ધતિ (૨)
૨૦. તેરી... મેં હમેં રખના, આશરો (૩)
૨૨. ઊંધુ ચત્તુ થવું, ઉપર-તળે (૬)

### ઊભી ચાવી

૧. ગુજરાન, આજીવિકા (૬)
૨. સફેદ કપડાને ધોઈને... ના પાણીમાં ઝબોળાય (૨)
૩. વા... ને વાદળ ઉમટ્યા... (૨)
૪. માથુ ટેકવવું કે નમાવવું (૩)
૬. ડૉક (૨)
૮. ખાનગી (૩)
૯. એક વેલ, અમરવેલ (૨)
૧૧. સોનુ, સુવર્ણ (૩)
૧૩. સેવા-સારવાર (૩)
૧૬. જેના મા-બાપ કે કોઈ વાલી ના હોય તેવું (૩)
૧૮. તૃષા, પ્યાસ (૩)
૧૯. સંગાથ (૨)
૨૦. 'પાપ' શબ્દ ઊંધો છે (૨)
૨૧. સમાધાન, સમસ્યાકા... (૨)

### શબ્દાવલી ૫૧૮૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખુના મરકી (૫) બાપા (૭) શાક (૮) બર્તન (૧૧) નકારવું (૧૩) તકવદી (૧૫) મુઢ (૧૬) સાપણ (૧૮) શિયળ (૧૯) તુકારો (૨૦) તાપણી (૨૨) તમસ (૨૩) ગરમાળો

**ઊભી ચાવી :-** (૧) ખુશામત (૨) નાક (૩) રબ (૪) કીર્તન (૬) પારેવુ (૯) નકામુ (૧૦) પરસાળ (૧૨) રઢ (૧૪) દીપ (૧૭) પારો (૧૮) સિફત (૧૯) તુણીર (૨૧) પગ

## તાજપુર કુઈ ગામે હજયાત્રીકોનો મિલન સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૧

પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ ગામે તાજેતરમાં હજ પડવા જતા હજયાત્રીઓને શુભકામનાઓ પાઠવવાના હેતુથી હજયાત્રીઓનો મીલન સમારંભ યોજાયો હતો. જેમાં તાલુકાના મોટા ભાગના હિન્દુ મુસ્લીમ અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

## સંસ્કાર ગ્રૃપની સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા. ૨૧

સંસ્કાર ગ્રૃપ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા બાળકોમાં રહેલી શક્તિઓને બહાર લાવવાના ઉમદા હેતુથી રમત-ગમત અને જ્ઞાન-વિજ્ઞાનનાં કાર્યક્રમ તા. ૨૨મી સપ્ટેમ્બરને રવિવારના રોજ સેક્ટર-૭ના બગીચામાં સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન રાખેલ છે. તો સંસ્કાર ગૃપના સભ્યોને હાજર રહેવા સંસ્કાર ગૃપના પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# હરેન પંડ્યા હત્યા કેસમાં રાજકીય કાવતરુ : વણઝારા

## હરેન પંડ્યા કેસને સીબીઆઈ ફરીથી ખોલે તેવી શક્યતા નહીંવત પરંતુ ફરી એકવાર રાજકીય ગરમી : સાબરમતી જેલમાં ૪ કલાક સુધી કઠોર પુછપરછ

અમદાવાદ,તા. ૨૧

ગુજરાતના ભૂતપૂર્વ ગૃહપ્રધાન હરેન પંડ્યાની સનસનાટીપૂર્ણ હત્યામાં સીબીઆઈને કેટલીક નવી કડીઓ હાથ લાગી છે.

સીબીઆઈના અધિકારીઓએ અનેક બનાવટી એન્કાઉન્ટર કેસના સંબંધમાં હાલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ડીજી વણઝારાની અકરી પુછપરછ કર્યા બાદ કેટલીક નવી વિગતો સપાટી પર આવ છે. પુછપરછમાં વણઝારાએ એવો સંકેત આપ્યો ચએ કે હરેન પંડ્યા હત્યા કેસમાં રાજકીય કાવતરુ રહેલું છે. ડીઆઈજી સંદિપ તમાંગડેના નેતૃત્વમાં સીબીઆઈ ટુકડી દ્વારા કરવામાં આવેલી પુછપરછ દરમિયાન વણઝારાએ પંડ્યાની હત્યામાં રાજકીય કાવતરુ હોવાની વાત કરી છે. માર્ચ ૨૦૦૩માં હરેન પંડ્યાની હત્યામાં સૌહરાબુદ્દીનની ભૂમિકા અંગે પણ વાત કરી છે. ચાર કલાક સુધી આકરી પુછપરછ સાબરમતી જેલમાં વણઝારાની કરવામાં આવી હતી. સૂત્રોએ કહ્યુ છએ કે વણઝારાએ સૌહરાબુદ્દીન શેખ મામલામાં પણ કેટલીક વાત કરી હતી. વણઝારાની ઈશરત બનાવટી એન્કાઉન્ટર કેસના સંબંધમાં જૂનમાં રિમાન્ડ અર્થે અહીં લાવવામાં આવ્યા હતા. વણઝારાને હાલમાં મુંબઈમાં તળોજા જેલમાં લઈ જવાયા હતા. સૌહરાબુદિન શેખ અને તુલસી પ્રજાપતિ બનાવટી એન્કાઉન્ટર કેસને ગુજરાતની બહાર ટ્રાન્સફર કરવામાં આવ્યા બાદ આ મામલામાં આરોપી રહેલા વણઝારા અને અન્યો તળોજા ખાતે લઈ જવાયા હતા. હરેન પંડ્યાના મામલામાં પૂછપરછને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જો કે સીબીઆઈના અધિકારીઓ હાલ કોઈ વાત કરવાની સ્થિતિમાં નથી. પુછપરછ વેળા સીબીઆઈને હરેન પંડ્યાની હત્યાના મામલે કેટલાક નક્કર પુરાવા હાથ લાગ્યા હોવાનુ જાણવા મળ્યું છે. વિશ્વસનીય સુત્રોએ કહ્યું છે કે બનાવટી એન્કાઉન્ટર કેસમા વણઝારા હવે સરકારી સાક્ષી બની શકે છે. સુત્રોએ કહ્યું છે કે વણઝારાએ શુક્રવારે પુછપરછ દરમિયાન એમ કહ્યું હતું કે રાજ્યના પૂર્વ ગૃહપ્રધાન હરેન પંડ્યાની હત્યાના પાછળ રાજકીય કાવતરુ હતું. એમ જાણવા મળી રહ્યું છે કે વણઝારાએ હરેન પડ્યાની હત્યામાં સૌહરાબુદ્દીનની ભૂમિકા અંગે પણ માહિતી આપી છે. જો કે સમગ્ર દેશને હચમચાવી મુકનાર હરેન પંડ્યા હત્યા કેસની ફાઈલ સીબીઆઈ ફરી ખોલે તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે. સીબીઆઈ આ કેસમાં અગાઉ તપાસ કરી ચુકી છે. પંડ્યા કેસમાં તમામ આરોપીને ગુજરાત હાઈકોર્ટે નિર્દોષ છોડ્યા હતા.

સીબીઆઈએ તમામ આરોપીને નિર્દોષ છોડી મુકવાના ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંક્યો હતો. પંડ્યાના પરિવારના સભ્યો પહેલાથી જ કહી રહ્યા છે છે કે આ હત્યામાં રાજકીય કાવતરુ છે. અત્રે નોંધનીય છે કે થોડાક સમય પહેલા જ વણઝારાએ ભાજપ મહાસચિવ અમિત શાહ અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. એક પત્ર મારફતે પોતાનુ રાજીનામુ પણ મોકલ્યું હતુ. જો કે રાજ્ય સરકારે તેમનુ રાજીનામુ સ્વીકાર્યું નથી. આ પત્ર સપાટી પર આવ્યા બાદ સાબરમતી જેલમાં ચાર કલાક સુધી વણઝારાની પુચપરછ કરી હતી. સુત્રોનુ કહેવુ છે કે સોહરાબુદ્દીન શેખ, કૌસર બી, તુલસીરામ પ્રજાપતિ અને ઈશરત કેસમાં આરોપી વણઝારા સાદિક જમાલ કેસમાં સરકારી સાક્ષી બની શકે છે.

## આઠ સનદી અધિકારીઓની બદલી

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના આઠ સનદી અધિકારીઓની બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| જી.એ. શાહ | અધિક સચિવ શિક્ષણ વિભાગ | નિયામક નગરપાલિકા, ગાંધીનગર |
| વીક્ટર મેકવાન | નિયામક મહીલા બાળ વિકાસ | ડી.ડી.ઓ. ગાંધીનગર |
| રાજેશ મંજુ | કમિશ્નર યુવક સેવા સાંસ્કૃતિક | સંયુક્ત સચિવ નાણા વિભાગ |
| કે.ડી. કાપડીયા | નાયબ સચિવ સામાજીક ન્યાય અધિકારીતા વિભાગ | કમિશ્નર યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ |
| આર.જી. ત્રિવેદી | નિયામક નાગરીક સંરક્ષણ, ગાંધીનગર | નાયબ સચિવ ગૃહ વિભાગ |
| ડી.જી. પટેલ | સચિવ બાળ સંરક્ષણ કમીશન | નિયામક મહીલા બાળ વિકાસ |
| જે.કે. આસ્તીક | નિયામક નાગરીક પુરવઠા | ડી.ડી.ઓ. સુરેન્દ્રનગર |
| જી.સી. બ્રહ્મભટ્ટ | મુખ્ય કારોબારી અધિકારી આદિજાતી વિકાસ વિભાગ | નાયબ સચિવ અન્ન નાગરીક પુરવઠા વિભાગ |

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

# શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ૫ ગામોમાં નવા રસ્તા બનશે

## ગટરલાઈનની કામગીરીના લીધે માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે

ગાંધીનગર, તા. ૨૧

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પાણી-ગટર અને રસ્તા સહીતની પાયાની સુવિધાઓ ખાડે જતા ગ્રામજનો તોબા પોકારી ગયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ગટરલાઈનની કામગીરી દરમિયાન રસ્તાઓ પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ગટરનું કામ પૂર્ણ થયું નથી આવી સ્થિતિ વચ્ચે માર્ગો પણ તુટી ગયા છે. શહેરી વિસ્તારના ગામોમાં નવા રસ્તા બનાવવાનું કામ ટુંકમાં હાથ ધરાશે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ધોળાકુવા, બોરીજ, ઈન્દ્રોડા સહીતના ગામોમાં છેલ્લા પાંચ વર્ષના અંતે પણ ગટર સુવિધાના કામો પૂર્ણ થયા નથી. ગટરલાઈનની કામગીરી અધુરી રહેતા ગ્રામ્ય વિસ્તારમાં દૂષિત પાણીના ભરાવા વચ્ચે ગંદકી ખદબદે છે. જ્યારે ગટરલાઈનની અધુરી કામગીરીના લીધે ગ્રામજનો માટે અનેક સમસ્યા ઉદ્ભવી છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામજનોને યોગ્ય ગટરસુવિધા ઉપલબ્ધ થઈ નથી જ્યારે ગ્રામ્ય વિસ્તારના માર્ગો પણ ગાબડાગ્રસ્ત બનતા નવી સમસ્યા ઉદ્ભવી છે. ગટરલાઈનની કામગીરીના લીધે ગામના સી.સી. રોડ તૂટી જતા નવા રસ્તા બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરી વિસ્તારના ગામોનાં માર્ગ સુધારણાના કામ સંદર્ભે અગાઉ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારમાં બી.પી. રોડનું કામ હાથ ધરવા પાછળ રૂ. ૫ કરોડનો ખર્ચ થાય તેમ છે. જ્યારે આ કામગીરીને મંજુરી આપી દેવાતા ટુંકમાં જ ગ્રામ્ય વિસ્તારમાં રસ્તાઓને ચકાચક બનાવી દેવાશે.

## ઝુત્સી આજે ગાંધીનગરમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

થયેલ કામગીરીની પણ વિગતો મેળવશે. આ ઉપરાંત કલેકટરો સાથેની વિડીયો કોન્ફરન્સ દરમિયાન ઈ.વી.એમ. ચકાસણી સહિતની ૧૩ જેટલી બાબતો અંગે ચર્ચા વિચારણા કરશે.

ઝુત્સીની આ ગુજરાત મુલાકાતને વધુ મહત્વની લેખવામાં આવી રહી છે. તેઓ સોમવારે દિલ્હી જવા રવાના થનાર છે. જો કે તેમના આ પ્રવાસને લઈ તંત્ર એ લગભગ તમામ તૈયારીઓ કરી લીધી છે.

મતદાન મથકોની પણ તેઓ મુલાકાત લેનાર છે આથી તંત્ર આજે તેની દોડધામમાં વ્યસ્ત રહ્યું હતું.

**જાહેર નિવિદા નં-૧ સને ૨૦૧૩-૧૪**

તાલુકા પંચાયત મેઘરજની કચેરી (ફોન નં.૦૨૭૭૩-૨૪૪૨૪૩) ધ્વારા એમ.જી.એન.આર.ઈ.જી.એ. યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના મેઘરજ તાલુકાની પંચાયતો માટે જુદી-જુદી જાતના બાંધકામને લગતા માલસામાન પુરો પાડવા માટે રસ ધરાવતા ગુજરાત રાજયમાં નોંધાયેલ વેપાર, ઉત્પાદકો, ડીલર્સ અને પુરવઠાદાર (સપ્લાયર્સ) પાસેથી રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડપોસ્ટથી ૧૨ મહિનાના કરાર માટે ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગતવાર માહિતી આ કચેરીએથી મેળવી શકાશે ભાવપત્રક રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./ સ્પીડપોસ્ટથી તા. ૨૩/૦૯/૨૦૧૩ થી ૨૬/૦૯/૨૦૧૩ સુધીમાં ઓફિસ સમય પહેલા મોકલી શકાશે.

તા. ૨૧/૦૯/૨૦૧૩

તાલુકા વિકાસ અધિકારી
મેઘરજ